ફી મર્યાદાને ફગાવતી મોરબી જીલ્લાની ૪૦% શાળાઓ : માત્ર ચાર સ્કુલની દરખાસ્ત

૨૦૭ શાળાએ યથાવત ફી રાખવા એફીડેવીટ કરીઃ કોઈ વાલીઓની ફરીયાદ નથી! સંચાલકો બેંક મારફત જ ત્રિ માસિક ફી વસુલ કરી શકશે

SCHOOL FEES

(હિમાંશુ ભટ્ટ દ્વારા)

મોરબી તા.૨૫

ખાનગી શાળાના સંચાલકો પ્રાથમિકથી લઈને ઉચ્ચતર માધ્યમિક સુધીમાં વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી લાડકા જેવી ફી વસુલ કરતા હોવાથી રાજય સરકાર દ્વારા ફી નિયમન કરવા માટે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ હતું અને શાળા સંચાલકો પાસેથી ફી વધારો કરવા માટે દરખાસ્ત તેમજ ફી યથાવત રાદવા માટે એફીડેવીટ મંગાવવામાં આવ્યા હતા. નકકી કરેલ સમય મર્યાદા સુધીમાં મોરબી જીલ્લામાંથી કુલ મળીને ચાર દરખાસ્ત સહિત ૨૪૦ અરજી આવી છે. જો કે જીલ્લાની ૪૦ ટકા ખાનગી શાળાઓ સરકારના જાહેરનામાની અમલવારી કરી નથી તેની સામે આકરા પગલા લેવાઈ તો નવાઈ નથી.

શિક્ષણનું વ્યપારીકરણ થઈ ગયુ હોવાથી ખાનગી શાળાના સંચાલકો ઉપર લગામ મુકવા માટે રાજય સરકાર દ્વારા ખાનગી શાળાઓમાં ફી નિયમન કરવા માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ છે. અને શાળાના સંચાલકો જો ફી વધારો કરવા માંગતા હોય તો ખાનગી શાળાના સંચાલકોએ ફોર્મ નં.૨ ભરીને દરખાસ્ત કરવાની અને ફોર્મમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ન કરવાનો હોય તો ફોર્મ નં.૪ ભરીને એફીડેવીટ કરવાનું હતું. પરંતુ મોરબી જીલ્લામાં આવેલ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ખાનગી શાળાના સંચાલકોમાંથી ૪૦ ટકા સંચાલકો દ્વારા ફિ નિર્ધારણા માટેના સરકારના જાહેરનામાની અમલવારી કરવામાં આવી નથી તેવું અધિકારી સુત્રો પાસેથી જાણવા મળેલ છે.

જીલ્લા શિક્ષણાધિકારીની કચેરીના અધિકારી પાસેથી મળતી વિગત પ્રમાણે મોરબી જીલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની કુલ મળીને ૧૪૨ શાળાખો આવેલ છે. જે પૈકીની એક મોરબીની એક માત્ર સરદાર વલ્લભભાઈ પટેલ કન્યાશાળા દ્વારા ફિ માં વધારો કરવા માટેની દરખાસ્ત કરવામાં આવી છે. જયારે ૯૫ શાળાઓ દ્વારા ગઈકાલે અરજી સ્વીકારવાનો છેલ્લો દિવસ હતો. ત્યાં સુધીમાં પોતાની ફિ યથાવત રાખવા માટેના એફીડેવીટ રજુ કરી દીધા છે. જો કે ૪૫ શાળાઓ દ્વારા સરકારના જાહેરનામાની અમલવારી નિયત સમય-મર્યાદામાં કરવામાં આવી નથી જે ખરેખર દંડનિય ગુન્હો બને છે. જો કે સૌરાષ્ટ્ર ઝોન કમિટી રાજકોટ દ્વારા જાહેરનામાની અમલવારી નહી કરનાર શાળા સંચાલકો માટે જે નિર્ણય લેવામાં આવશે તે આખરી ગણાશે.

જયારે મોરબી જીલ્લાના પાંચેય તાલુકામાં કુલ મળીને ૨૧૧ ખાનગી પ્રાથમિક શાળાઓ આવેલ છે. તે પૈકીની હળવદ તાલુકાની ત્રણ શાળાઓ દ્વારા ફીમાં વધારો કરવાની દરખાસ્ત કરવામાં આવી છે અને ૧૪૫ શાળાખો દ્વારા ગઈકાલ સુધીમાં એફીડેવીટ રજુ કરી દેવામાં આવ્યા હતા. જો કે, ૬૩ શાળાના સંચાલકોએ જાહેરનામાની અમલવારી કરી નથી.

જીલ્લા શિક્ષણાધિકારી બી.એન.દવે પાસેથી મળતી વિગત પ્રમાણે ગઈકાલે દરખાસ્ત તથા એફીડેવીટ સ્વીકારવા માટેનો છેલ્લો દિવસ હતો. જેથી મોડી રાત સુધી કચેરી ખુલ્લી રાખવાની સરકાર તરફથી સુચના મળી હોય સમગ્ર સ્ટાફ કચેરીમાં બેઠો હતો. જો કે, કોઈ શાળા સંચાલક સાંજ પછી દરખાસ્ત કે એફીડેવીટ રજુ કરવા માટે આવ્યા ન હતા. ગઈકાલે છેલ્લા દિવસના અંતસુધીમાં જીલ્લાની ૩૫૪ પૈકીની ૨૪૦ શાળાઓની અરજી આવી ગઈ છે. જો કે, ૪૦ ટકા ખાનગી શાળાઓ દ્વારા સરકારના જાહેરનામાની અવગણના કરવામાં આવી છે જેથી તેની સામે આકરા પગલા લેવાઈ તો નવાઈ નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખાનગી શાળાના સંચાલકો દ્વારા વધારે ફી લેવામાં આવતી હોય તો તેની જીલ્લા શિક્ષણ અધિકારીની કચેરીમાં ફરીયાદ કરવા માટે ખાસ હેલ્પ લાઈન શરૂ કરવામાં આવ્યું હતું. જો કે, મોરબી જીલ્લામાંથી એકપણ વાલીએ ફીને લગતી ફરીયાદ કરી નથી. ખાનગી શાળાના સંચાલકો દ્વારા યેનકેન પ્રકારે વાલીઓ પાસેથી તગડી ફી લેવામાં આવતી હોય છે. જો કે, સરકારે નકકી રેલ ફી માં શિક્ષણ ફી, સત્ર ફી, પ્રયોગશાળા ફી, પ્રવેશ ફી, યોગ અને શારિરીક શિક્ષણ ફી, જીમખાના ફી, તથા સમિતિ નકકી કરે તે ફી નો સમાવેશ થઈ જાય છે તે ઉપરાંત જો કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી હોય તો વાલી ફરીયાદ કરી શકે છે જેના આધારે શાળાના સંચાલક સામે પગલા લેવામાં આવશે.

કોઈ શાળા વધારાની ફી લેવા માંગતી હોય તો પહેલા સરકારમાંથી મંજુરી લીધા બાદ જ વસુલ કરી શકે છે. અને શાળામાં જે ફી ભરવાની થાય તે દરેક વાલીએ સિધી જ શાળાના બેંક એકાઉન્ટમાં જમા કરવાની રહેશે. જેથી ખાનગી શાળાના સંચાલકો વધારે ફી શકશે નહી. આટલુ જ નહી વિદ્યાર્થીના વાલી પાસેથી અગાઉની જેમ એકી સાથે વાર્ષિક ફી પણ શાળા સંચલકો લઈ શકશે નહી તેમણે ત્રિમાસિક ફી જ લેવાની રહેશે. તેવું અધિકારી પાસેથી જાણવા મળેલ છે.

ફીનું નિયમન શા માટે ?

આર.ટી.ઈ. હેઠળ બાળકને શાળામાં પ્રવેશ તો મળી જાય પરંતુ ખાનગી શાળાઓ જુદી-જુદી ફી લેતી હોય સરકાર તરફથી પ્રતિ વિદ્યાર્થીએ માત્ર દસ હજાર ફી શાળાને આપવામાં આવે છે. જેથી વધારાની ફી કોણ ભરે તેવા પ્રશ્નો ઉભા થયા હતા. જેના કારણે રાજયભરમાં ફીનું નિયમન કરવાનો સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે.

કયા તાલુકમાં કેટલી ખાનગી શાળા

તાલુકો	મોરબી	માળીયા	વાંકાનેર	હળવદ	ટંકારા
પ્રાથમિક	૧૧૭	૧	૪૪	૩૧	૧૮
દરખાસ્ત	-	-	-	૩	-
એફીડેવીટ	૮૫	-	૨૫	૨૧	૧૪
માધ્ય,ઉ.માધ્ય.	૬૩	-	૨૦	૨૦	૧૨
દરખાસ્ત	૧	-	-	-	-
એફીડેવીટ	૪૨	-	૧૮	૧૭	૯

હાઈકોર્ટે આપી ૧૫ જુન સુધીની મુદ્દત

સરકાર દ્વારા ખાનગી શાળાઓમાં ફી નકકી કરવા માટે જાહેરનામું બહાર પાંડવામાં આવ્યુ છે. જેને ચેલેન્જ કરીને મોરબીમાં કાર્યરત સ્વનિર્ભરશાળા સંચાલક મંડળ દ્વારા હાઈકોર્ટના દ્વાર ખટખટાવવામાં આવ્યા હતા. જો કે હાઈકોર્ટે તેમને સાંભળીને આગામી ૧૫ જુન સુધીની મુદત અરજી માટે આપી છે. જો કે, મોરબી જીલ્લા શિક્ષણ વિભાગના અધિકારી પાસેથી મળતી વિગત પ્રમાણે સરકાર તરફથી કોર્ટના આ ચુકાદાને લઈને કોઈ સુચના દેવામાં આવી નથી. જેથી સરકારના જાહેરનામા મુજબ ગઈ કાલ સુધી અરજીઓ સ્વીકારી છે જો કે ઉલ્લેખનીય વાત એ છે કે મોટાભાગની અરજીઓ છેલ્લા બે દિવસમાં જ આવી છે.

કાલે જેતપુરમાં ખોડલધામ કાગવડના સ્થાપક નરેશભાઈ પટેલનો અભિવાદન સમારોહ

લોકડાયરો અને મહાપ્રસાદના કાર્યક્રમનું પણ આયોજન

(દિલીપ તનવાણી દ્વારા)

જેતપુર તા.૨૫

જેતપુરમાં ખોડલધામ કાગવડના સ્થાપક લેઉવા પટેલ સમાજના રત્ન નરેશ પટેલનો ભવ્ય સન્માન સમારોહ યોજાશે.

જેતપુર ખોડલધામ સમીતી સરદાર પટેલ એસો. દ્વારા પ્રમુખ રવિ આંબલીયાના માર્ગદર્શન હેઠળ આ આયોજન રાખેલ છે.

આ પ્રસંગે લોકડાયરા અને મહાપ્રસાદ પણ આયોજીત કરાયેલ છે આ પ્રસંગે ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખ પરેશ ગજેરા સહિત લેઉવા સમાજના આગેવાનોની વિશાળ હાજરી રહેશે.

આ અંગે જેતપુર ખોડલધામ સમીતી તથા સરદાર પટેલ એસો.ના પ્રમુખ તેમજ યુવાન ઉદ્યોગપતિ રવિ આંબલીયાના જણાવ્યા મુજબ તા.૨૬/૫ને શુક્રવારના રોજ સાંજે ૬ વાગે જેતપુરમાં અમરનગર રોડ પર આવેલ ડોબરીયાવાડી પાસે જગદીશભાઈ કોટડીયાના ફાર્મ હાઉસ ખાતે આ આયોજન કરાયુ છે જેમાં ખોડલધામ કાગવડના સ્થાપક અને લેઉવા સમાજના રત્ન નરેશભાઈ પટેલનું શહેર તથા તાલુકાના તમામ જ્ઞાતિ દ્વારા સન્માન કરવામાં આવશે.

આ પ્રસંગે ખોડલધામ કાગવડના પ્રમુખ પરેશભાઈ ગજેરાનું પણ સન્માન કરાશે. આ કાર્યક્રમમાં સાંજે સન્માન સમારોહ યોજાશે તે બાદ મહાપ્રસાદનું આયોજન કરાયું છે. રાતે ૮ વાગે લોકડાયરાનું આયોજન કરાયુ છે.

લોકડાયરામાં સલમાબેન પટેલ તથા ધીરૂભાઈ સરવૈયા લોક સાહિત્યમાં લોકો રસબોળ કરશે આ સમારોહમાં ખોડલધામ કાગવડના ટ્રસ્ટી રવિભાઈ આંબલીયા, રાજુભાઈ હીરપરા, શૈલેષભાઈ હીરપરા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

સાવરકુંડલાની તરૂણીનું છરીથી અપહરણ કરી ગેંગરેપ ગુજાર્યો : બિભત્સ વિડીયો પણ ઉતારી લીધો

રાત્રીના ગુનો દાખલ થતા ખળભળાટ : નાયબ પોલીસ અધિક્ષક દ્વારા તપાસનો ધમધમાટ : આરોપીની શોધખોળ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં ગઈકાલનો દિવસ સગીરાઓ માટે આપત્તિજનક પસાર થયો હતો. ગઈકાલે રાજુલા પંથક અને સાવરકુંડલા પંથકની અલગ-અલગ સગીરાઓ પર નિર્લજજ હુમલો થયાની ઘટનાની પોલસ ફરીયાદ નોંધાતા ચકચાર મચી છે.

આ બનાવમાં પ્રાપ્ત માહીતી અનુસાર આ કામનાં આરોપી ગત તા. ૧૫ના સાંજના ૪ /૪૫કલાકે મહંમદ મહેબુબભાઈ ચૌહાણ રહે. મણીનગર, સાવરકુંડલા તથા વસીમ અદાભાઈ મકવાણા, નુરાનીનગર રહે. સાવરકુંડલા, વાળો મોટર સાયકલ ઉપર આવી આરોપી વસીમ અદાભાઈ મકવાણાએ તરૂણીને છરી બતાવી મોટર સાયકલ ઉપર બેસાડી અપહરણ કરી સારવકુંડલાના મહુવા રોડ પર લઈ ગયેલ ત્યાં રીલાયન્સ પેટ્રોલ પંપ પાસે વસીમ અદાભાઈ મકવાણા ઉતરી ગયેલ અને વસીમ અદાભાઈ મકવાણા ભોગ બનનાર તરૂણીને મહુવા લઈ ગયેલ અને તેની બહેનનાં ઘરે એક દિવસ રાખી બીજા દિવસે મહુવાથી પરત સાવરકુંડલા લીલાપીરની દરગાહ પાસે લઈ ગયેલ અને પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે બીજા સહ આરોપી વસીમ અદાભાઈ મકવાણા અને શોહીલ ઉર્ફે બાબા નામના છોકરાને ફોન કરી બોલાવી બાદમાં ભોગ બનનાર તરૂણી સાથે વારાફરતી શરીર સબંધ બાંધેલ તે પછી બીજા દિવસે આરોપી વસીમ અદાભાઈ મકવાણાએ ભોગ બનનાર તરૂણી મોટર સાયકલ ઉપર બેસાડી ખુલ્લા મેદાનમાં લઈ જઈ આરોપી ઈમરાન રહે. સાવરકુંડલ તથા એક જાડીયો સરખો છોકરો પુરૂ નામ નથી. તેને ફોન કરી બોલાવેલ અને તમામે ભોગ બનનાર તરૂણી સાથે તેણીને નગ્ન કરી શરીર સબંધ બાંધેલ તે વખતે આરોપી એક જાડીયો સરખા છોકરાએ વીડીયો શુટીંગ ઉતારેલ આમ આ કામનાં આરોપીઓએ ફરીયાદી દલીત જ્ઞાતિની હોવાનું જાણવા છતા તેમની મરજી વિરૂધ્ધ બળજબરી પુર્વક તેણીને અવાર નવાર કરી સામુહીક જાતીય હુમલો કરી આરોપી વસીમ અદાભાઈ મકવાણાએ ભોગ બનનાર તરૂણીને જો આ વાત કોઈને કરીશ તો તને તથા તારી મા ને જાનથી મારી નાખીશ તેમ કહી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરવામાં એક બીજાને મદદગારી કરી અધિક જીલ્લા મેજી. સા. અમરેલી નાઓનાં હથિયાર બંધી જાહેરનામનો ભંગ કરતા આ અંગે સાવરકુંડલા પોલીસમાં ઈ.પી.કો.ક. ૩૬૩, ૩૭૬(ડી), ૩૭૬(૨)(એમ), ૫૦૬(૨),૩૪, તથા પોકસો એકટ ક. ૫(જી)(એલ)(યુ) તથા ૬ તથા એટ્રોસીટી એક્ટ ૩(૨)૫(અ) તથા ૩(૧)૧૧ તથા આઈ.ટી. એકટ ક. ૬૬ઈ, (સી) તથા જી.પી.એકટ ક. ૧૩૫ મુજબ ગુન્હો નોંધી આગળની તપાસ નાયબ પોલસ અધિક્ષકે શરૂ કરી છે.

જયારે બીજા બનાવમાં રાજુલા તાલુકાના રાજપરડા ગામે રહેતી ૧૬ વર્ષની તરૂણી ઉપર તે જ ગામ.રહેતા અશોક કરશભાઈ ઠોળીયાએ આ તરૂણી સાથે બદકામ કરવાના ઈરાદે તરૂણીના મકાન ની અગાશીની છત ઉપર ગત તા. ૨૩ નારો જ રાત્રીના સમયે પ્રવેશ કરીતરૂપીને મારી નાખવાની ધમકી આપી તરૂણીની મરજી વિરૂધ્ધ તેણી સાથે બળજબરી બદકામ બળાત્કાર કરી નાશી ગયાની ફરીયાદ ડુંગર પોલસીમાં નોધાંય છે.

મીઠાપુરનાં યુવાન પર જીવલેણ હુમલા સબબ માતા-પૂત્રી સામે ફરીયાદ

ઓખા મંડળના મીઠાપુર ખાતે રહેતા વિજય દીલુભાઈ બરદાડીયા નામના ૪૨ વર્ષના દેવીપુજક યુવાન ઉપર રેલવે સ્ટેશનની સામે રહેતા ઉષાબેન રમેશભાઈ સંચાણીયા તથા તેણીની પુત્રી પોદી રમેશભાઈ સંચાણીયાએ મારી નાખવાના ઈરાદે વિજયના માથાને હાથથી પકડી, પથ્થરના ઘા ફટકારી, જીવલેણ હૂમલો કરીને ખુન કરવાની કોશીષ કર્યાનો બનાવ મીઠાપુર પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.

ઈજા પામનાર વિજય તથા આરોપીઓ વચ્ચે ગાળો બોલવા બાબતે ઝઘડો થયાનું મનદુ:ખ રાખી, માતા-પૂત્રીએ ગાળો કાઢી, હુમલો કર્યાનું પોલીસ ફરીયાદમાં જાહેર થયું છે. આ બનાવ અંગે વિજયભાઈના માતા કુંવરબેન દીલુભાઈ બરદાડીયાની ફરીયાદ પરથી પોલીસે આઈપીસી કલમ ૩૦૭, ૩૨૪, ૫૦૪, ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ ઈન્ચાર્જ પીઆઈ એલ.ડી. ઓડેદરાએ હાથ ધરી છે.

નૈઋત્ય ચોમાસુ હજુ સ્થગિત છે : ૨૭મી આસપાસ આગળ વધે તેવી સંભાવના

શુક્ર-શનિ તાપમાન વધુ ઉંચકાશે : હીટવેવની શકયતા



જાણીતા વેધર એનાલીસ્ટ શ્રી અશોકભાઈ પટેલની આગાહી : ૩૦મીથી વાતાવરણ ફરી અસ્થિર થશે, ભેજ-બફારો વધશે

રાજકોટ, તા. ૨૫

રાજકોટ-સૌરાષ્ટ્રમાં કેટલાંક દિવસોથી અસ્થિર વાતાવરણ વચ્ચે આકરી ગરમીનો માહોલ પ્રવર્તતો રહયો હતો ત્યારે આવતા ચાર-પાંચ દિવસ વધુ આકરી ગરમી પડવાની અને તે દરમ્યાન અમુક સેન્ટરોમાં હીટવેવની હાલત સર્જાવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ શ્રી અશોકભાઈ પટેલે કરી છે.

તેઓએ આજે વાતચીતમાં કહયું કે અસ્થિર વાતાવરણને કારણે કેટલાક દિવસોથી અનેક સેન્ટરોમાં હળવા ઝાપટા-કરા વરસતા રહ્યા હતા અને ગરમીનું પ્રમાણ ૪૧થી ૪૩ ડિગ્રીની રેન્જમાં રહેતુ આવ્યું છે. આવતા ચાર પાંચ દિ' હજુ તાપમાન ઉંચુ જ રહેવાની શકયતા છે.

તેઓએ કહયું કે આવતીકાલ ૨૫મી સુધી મહતમ તાપમાન ૪૨થી ૪૪ ડિગ્રીની રેન્જમાં રહેશે પરંતુ ૨૬-૨૭મીએ તે વધુ વધીને ૪૫ ડિગ્રી સુધી હીટવેવ કન્ડીશન સુધી પહોંચી જવાની શકયતા છે. ૨૮/૨૯મીએ તે ૪૨-૪૪ ડિગ્રી રહેવાની શકયતા છે. ત્યારબાદ ઘટીને ૩૦-૩૧મીએ ઘટીને ૪૦-૪૨ ડિગ્રી થઈ જવાની સંભાવના છે.

૨૯મીથી ફરી ઉપલા લેવલની અસ્થિરતા સર્જાશે અને ભેજનું પ્રમાણ વધશે પરિણામે તાપમાનમાં રાહત મળવા છતાં બફારો વધવાની અને લોકોએ પરસેવે ન્હાવાનો વખત આવશે.

દરમ્યાન આંદામાન-નિકોબારમાં ગત સપ્તાહમાં પ્રવેશી ચુકેલુ નૈઋત્ય ચોમાસુ ૧૮મી તારીખથી સ્થગીત છે અને આગળ વધી શકતું નથી. દક્ષિણ-પૂર્વીય બંગાળની ખાડીમાં ૪.૫ મીટરની ઉંચાઈએ અપર એર સાયકલોનિક સરકયુલેશન સર્જાયુ છે તેના પ્રભાવ હેઠળ આવતા ત્રણ દિવસમાં ચોમાસુ સક્રિય થઈ શકે છે. ૨૭મી આસપાસ ચોમાસુ આગળ વધવાની શકયતા છે. બંગાળની ખાડીના કવર કર્યા બાદ શ્રીલંકા પહોંચશે અને ત્યારબાદ કેરળમાં પ્રવેશ કરે તેવી સંભાવના છે.

દ્વારકાના વિપ્ર વૃધ્ધા ઉપર હુમલા સબબ ફરિયાદ કરાઈ

જામખંભાળીયા તા.૨૫

દ્વારકાના ભીડ ભંજન શેરી વિસ્તારમાં રહેતા પ્રવિણચંદ્ર ભગવાનજી વાયડા નામના ૬૬ વર્ષના ગુગળી બ્રાહ્મણને નાથાકુવા શેરી પાસે રહેતા અરવિંદભાઈ પ્રાણલાલ વ્યાસએ બિભત્સ ગાળો કાઢી, ગુગળી બ્રાહ્મણ ટ્રસ્ટની વાડીના અન્નપૂર્ણા ભંડારમાં અનાજ વિતરણ કરતી વખતે પ્રવિણચંદ્રને બેફામ માર મારી, ઝઘડો કરતાં આ બનાવ અંગે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી છે. આ બનાવની તપાસ એએસઆઈ પી.ડી. સોલંકી ચલાવી રહ્યા છે. ખંભાળીયા તાલુકાના 'કોઠા વિસોત્રી' ગામે રહેતા વિક્રમભાઈ જેસાભાઈ કંડોરીયા નામના ૫૫ વર્ષના આહિર આધેડને હૃદયરોગનો ઘાતક હુમલો આવી જતા તેમનું મૃત્યુ નિપજયુ હતું. આ અંગેની જાણ મૃતકના પુત્ર જીવાભાઈ વિક્રમભાઈ કંડોરીયાએ પોલીસને કરી છે.

યુવતી લાપતા

ભાણવડ તાલુકાના વેરાડ ગામે રહેતા વૃજલાલભાઈ વલ્લભભાઈ નકુમની વીશ વર્ષની પુત્રી કુંજલતાબેન મંગળવાર તા.૨૩મીના રોજ બપોરના સમયે શિવણ કલાસમાં જવાનું કહી, ઘરેથી નીકળ્યા બાદ પરત ન ફરતાં આ અંગે યુવતિના પિતાએ સ્થાનિક પોલીસમાં ગુમનોંધ કરાવી છે.

મહિલા ગુમ

ખંભાળિયા તાલુકાના સલાયા પંથકમાં રહેતા ફારૂક અબ્દુલ રજાક મોલવીના પત્નિ બીબીબેન અસ્થિર મગજની હોય, તેણી મંગળવારે બપોરે ઘરેથી કોઈને કંઈ કહ્યા વગર કયાંક ચાલી ગઈ હોવાનો બનાવ સલાયા મરીન પોલીસ મથકમાં નોંધાવતા આ અંગે પોલીસે જરૂરી તપાસ હાથ ધરી છે.

જામનગરના વિવિધ તસ્વીર સમાચાર

ગેસની પાઈપલાઈન માટે ખોદાયેલા ખાડા દશ દિવસમાં ન બુરાય તો કમિશ્નર કચેરી સામે ધરણાં કરવાની ઉચ્ચારાતી ચિમકી

જામનગર શહેરના અનેક વિસ્તારોમાં ગેસની પાઈપ લાઈન નાખવા માટે ખાડા ખોદી નખાયા બાદ કામ ગોકળગાયની ગતિએ થતાં તેમજ ખાડા બુરવાની તસ્દી ન લેવાતા આરટીઆઇ એકટીવીસ્ટ દ્વારા દશ દિવસની મુદ્દત આપવામાં આવી છે અને કમિશ્નર કચેરી સામે ધરણાં કરવાની ચિમકી ઉચ્ચારી છે. જામનગર શહેરના અનેક વિસ્તારો જેમાં કોર્પોરેશનના મુખ્ય દ્વાર, હવાઇ ચોક, પંચેશ્વર ટાવર રોડ, આર્યસમાજ રોડ, અંબર ચોકડી, પટેલ કોલોની સહિતનાં વિસ્તારોમાં ગેસની પાઈપલાઈન નાખવા માટે ખાડા ખોદવામાં આવ્યા છે. પરંતુ ધીમી ગતિની કામગીરીને કારણે આ ખાડાઓ હજુ સુધી બુરવામાં આવ્ય નથી. જેના કારણે રાહદારીઓ અને વાહન ચાલકો માથે જોખમ ઝળુંબી રહ્યું છે. આગામી દિવસોમાં ચોમાસુ નજીક આવી રહ્યું છે ત્યારે ખાડામાં પાણી ભરાવાથી અકસ્માતો સર્જાવાની શકયતા પણ રહેલી છે. આવી સ્થિતિ નિવારવા પાઇપલાઇનનું કામ બંધ કરાવવું જોઇએ તેમ ખાડા તાત્કાલિક બુરાવવા જોઇએ. આ અંગે રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા ધ્યાન ન દેવાતા દશ દિવસની મુદ્દત આરટીઆઇ એકટીવીસ્ટ હર્ષદ પાબારીએ આપી છે અને દશ દિવસમાં ખાડા ન બુરાય તો કમિશ્નર કચેરી સામે ધરણાં કરવાની ચિમકી ઉચ્ચારી છે. વધુમાં એવું પણ જણાવાયું છે કે ખાડાઓના કામ બંધ નહિં કરાય તેટલા દિવસ ઉપવાસ પણ કરવામાં આવશે.

ઘેલા સોમનાથ દાદાને અનેરો શણગાર

જસદણ: વૈશાખ વદી-૧૩ તા.૨૪-૫-૨૦૧૭ને બુધવારે શિવરાત્રી હોવાથી આજે દાદાને મહાકાલેશ્વર દાદાનો શણગાર પુજારી હસુભાઈ જોષીએ કરેલ અને શિવરાત્રી નિમિતે હજારો ભાવીકોએ દાદાના દર્શનનો અને ભોજન પ્રસાદનો લાભ લીધો હતો તેમ વહીવટદાર મનુભાઈ શીલુની યાદી જણાવે છે. **(તસ્વીર: ધર્મેશ કલ્યાણી-જસદણ)**

દ્વારકાની મહિલાને માર મારી કાઢી મૂકવા અંગે પતિ સહિત આઠ સામે રાવ

દ્વારકામાં રહેતા રાધુબેન ભીખાભા લગધીરભા માણેક નામના ૨૫ વર્ષના પરિણીતાને તેણીના પતિ ભીખાભા લગધીરભા માણેકએ સંમતી વગર અન્ય સ્ત્રી સાથે મૈત્રી કરાર કરી ઘરમાં બેસાડી હોવા ઉપરાંત રાધુબેનના નણંદએ અગાઉ આત્મહત્યા કરી લીધા બાદ આ મૃત્યુના જવાબદાર રાધુબેનને ગણાવી, પતિ ભીખાભા, ઉપરાંત ગુમાન આલાભા, હીમાબેન લખધીરભા, સુમરીબેન ભીખાભા અને અરજણભા માણેક નામના આઠ સાસરીયાઓએ રાધુબેનને બિભત્સ ગાળો કાઢી મારકૂટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ઘરમાંથી કાઢી મુકી હતી. આ સમગ્ર પ્રકરણ અંગે મહિલા પોલીસે આઈપીસી કલમ ૪૯૮ (અ) ૩૨૩, ૫૦૪, ૪૯૪, ૫૦૬ (૨) ૧૧૪ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભાવનગરમાં પરિણીતાએ જાત જલાવી દઈ આપઘાત

સિહોરના વરલ ગામે ઘાંચી આધેડનો દવા પી આપઘાત

(વિપુલ હિરાણી દ્વારા)

ભાવનગર તા.૨૫

ભાવનગર શહેરમાં પરીણીતાએ કેરોસીન છાંટી સળગી જઈ આપઘાત વહોરી લીધો હતો.

પ્રામ વિગતો મુજબ શહેરનાં ભરતનગર વિસ્તારમાં રહેતા કોળી હરેશભાઈ શિવાભાઈ ચૌહાણના પત્નિ જાગૃતીબેન ઉ.વ.૨૨ એ તેણીના ઘેર કોઈ અગમ્ય કારણોસર જાતેથી શરીર ઉપર કેરોસીન છાંટી કાંડી ચાંપી સળગી જઈ આત્મહત્યા વધેરી લીધી હતી. આ અંગે બી ડીવીઝન પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

ઝેરી દવા પી લઈ આપઘાત

ભાવનગર જીલ્લામાં સિહોર તાલુકાના વરલ ગામે રહેતા ઘાંચી રહીમભાઈ દાદમભાઈ ઉપડીયા ઉ.વ.૪૩એ તેનાં ઘરે ઝેરી દવા પી લેતાં ગંભીર હાલતે ભાવનગરની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયેલ જયાં સારવાર દરમ્યાન તેનું મોત નિપજયું હતું.

જોડીયા મામલતદાર કચેરીના હંગામી મહિલા કર્મચારીઓ પગારથી વંચિત

મામલતદાર અને સિકયુરીટી સર્વિસ વચ્ચે મહિલાઓનું મહેનતાણુ અટકાયું

(કિસન બુધ્ધભટ્ટી દ્વારા)

જોડીયા, તા. ૨૫

જોડીયાની ગરીબ મહિલાઓને તેમનો પાંચ માસથી રોકાતા પગાર એક વર્ષથી ચુકવવામાં આવેલ નથી. અતિ ગરીબ મહિલાઓની ચોધાર આંસુએ કરેલ વિનંતીને નિંભર તંત્ર ધ્યાન આપતું નથી.

સ્થાનિક પરા વિસ્તારમાં રહેતી નિલોફરબેન સલીમભાઈ સુમરા અને ક્રિષ્નાબેન નટવરભાઈ પાલા તા. ૧/૪/૨૦૧૬થી મામલતદાર કચેરીમાં સુવિધા વ્યવસ્થાન અને સફાઈની કામગીરી માટે નિમણુંક કરેલ જે જામનગરની 'ટવીકલ હાઉસ કીપીંગ એન્ડ સિકયુરીટી સર્વિસ' દ્વારા જોડાયેલ હતી. જે હંગામી ધોરણે હોવાથી તેમને તા. ૩૦/૮/૨૦૧૬ના રોજ છુટા કરેલ જેમનો પાંચ માસનો પગાર આજ સુધી ચુકવવામાં આવેલ નથી.

બને ગરીબ મહિલાઓ મામલતદાર કચેરીમાં પગાર માંગે તો મામલતદાર સીકયુરીટી સર્વિસવાળાઓ પાસેથી લેવાનો છે તેમ કહી તેને રવાના કરી દયે અને જામનગર સીકયુરીટીવાળા પાસે જાય તો તેમને (મહિલાઓને) તેમનો પગાર મામલતદાર પાસેથી લેવાનો છે. તેમ જણાવે જેથી બને બહેનોને ફુટબોલના દડાની જેમ જવાબદાર લોકો ઉલાળી રહયા છે. બે ટંકનું જેમને પુરતુ ખાવાનું મળતુ નથી તેવી આ મહિલાઓની કુર મજાક થઈ રહી છે. કાનુની રીતે અને માનવતા ધોરણે પ્રણે જે તે વિભાગે તાકીદે ચુકવણુ કરવું જોઈએ તેવું લોકોમાં ચર્ચાઈ રહયું છે.

છાશવારે મહિલાઓને રક્ષણ, મહિલા ઉત્કર્ષ અને મહિલાઓને પ્રગતિના રાહ પર લઈ જવાની મોટી મોટી જાહેરાતો અને બણગા ફુંકતા રાજકીય પક્ષોના નેતાઓનું આ પ્રકરણે મૌન પ્રજાને અકળવનારૂ છે.

જુનાગઢમાં દલિત પરિવારો વચ્ચે સામાન્ય બાબતે માથાકુટ; તલવાર ઉડી

ભેંસાણના ખંભાળીયા ગામના યુવાનનો આપઘાત

જુનાગઢ તા.૨૫

જુનાગઢના એ ડીવીઝન હદના આંબેડકરનગર ખાતે ગતરાત્રીના બે દલિત પરિવારો વચ્ચે મારામારી થતા ત્રણને દવાખાને ખસેડવામાં આવ્યા છે. આ બનાવની એ ડીવીઝન પોલીસમાંથી મળતી વિગત મુજબ ફરીયાદી રાજેશ ભોજા દલીત ઉ.૩૫ને અગાઉના જુના મનદુ:ખના કારણે ગતરાત્રીના નવ કલાકે બોલાચાલી બાદ ઠપકો દેવા જતા દલીત સુધીર ચૌહાણ, તેમના પત્ની સોનલબેન, કાળા ગોવિંદ રાઠોડ અને એક અજાણ્યા શખ્સે ઢીકાપાટુનો માર મારી તલવાર વડે હુમલો કરતા રાજેશ ભોજા, મગીબેન ભોજા, શાંતીબેન ભોજાને ઢીકાપાટુનો માર મારી તલવાર વડે હુમલો કરતા દવાખાને ખસેડાયા છે. સામા પક્ષે સુધીર ડી. ચૌહાણે રાજેશ ભોગા કાળા પારધી નીલેષ અમરા સોલંકી અને હરેશ કિશોર સામે માર માર્યાની ફરીયાદ નોંધાવતા એ ડીવીઝન પોલીસે તપાસ હાથ ધરી છે.

યુવાન દાઝી ગયો

કેશોદના મોવાણા દરવાજા ખાતે રહેતા સુમેરા ગફાર સોઢા (ઉ.૨૦) કોઈ કારણોસર તેના ઘરે ગંભીર રીતે દાઝી જતા કેશોદ દવાખાનેથી જુનાગઢ ખસેડાતા ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ લઈ ગયાનું જાણવા મળેલ છે.

ઝેરી દવા પી લેતા યુવાનનું મોત

ભેંસાણ તાલુકાના ખંભાળીયા ગામના રહીશ મુકેશ ભનાભાઈ ખોળા (ઉ.૩૦) એ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા મોત નોંધાયુ હતું. બનાવની તપાસ ભેંસાણ પોલીસે હાથ ધરી છે.

પાજોદના આધેડને બાંટવા સ્મશાન

આઇટીઆઇ કેમિકલ ગૃપનાં વિદ્યાર્થીઓ માટે એક દિવસીય તાલીમ શિબિર યોજાઇ

જામનગરની ઔદ્યોગિક તાલીમ સંસ્થાના કેમિકલ ગૃપનાં ૭૩-અટેન્ડન્ટ ઓપરેટર કેમિકલ પ્લાન્ટ તાલીમાર્થીઓ માટે એક દિવસીય તાલીમ શિબિરનું લાખાબાવળ નજીક ફાર્માસ્યુટીકલ કંપની ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કંપનીના વિવિધ ખાતાઓ જેવા કે યુટીલીટી, લેબોરેટરી, પ્રોડકશન વગેરેની ઉંડાણપૂર્વક તાલીમ આપવામાં આવી હતી. સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર આશિષ જી. મોખરા અને તાલીમાર્થીઓના ઉત્સાહને જોઇને કંપનીના એચ.આર. મેનેજર સુનિલ શાહે દરેક તાલીમાર્થીઓને સર્ટિફિકેટ આપવાનું તથા કંપનીના એમ.ડી. પારસ શાહ અને શ્રી મહેતાએ પણ પૂરો સહકાર આપ્યો હતો. ત્યારબાદ જોગણી માતાના આશિર્વાદ મેળવી રિલાયન્સ કંપનીના બાહ્ય પ્લાન્ટની તાલીમ મેળવી શકયા હતા.આ બાદ તાલીમાર્થીઓએ આરાધનાધામની મુલાકાત લઇ હાલારી ઓશવાળોનો ઇતિહાસ જાણ્યા બાદ સિક્કાની મુલાકાતે ગયા હતા. નજીકના ભવિષ્યમાં જ આપાતકાલીન સેવા કેન્દ્ર કલેકટર કચેરી જામનગરના સહયોગી આ તાલીમાર્થીઓ માટે આગામી જુન માસમાં ફાયર અને સેફટી સાપ્તાહિક તાલીમનું આયોજન કરવામાં આવેલ છે.